હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, એવુ લખ્યુ છે કે. મોંઘવારી નથી વધી પરંતુ લોકોની ખરીદ ક્ષમતા ઘટી છે...!!!

નોકરી અને લોન આપવાની લાલચ આપી ઓનલાઈન છેતરપિંડી આચરતો શખ્સ ગાઝીયાબાદથી ઝડપાયો

ગાંધીનગર,તા.૧૩

ગુજરાત,ગાઝીયાબાદ અને નોઈડામાં નોકરી તેમજ લોન અપાવવાની લાલચ આપી નાગરીકો સાથે ઓનલાઈન છેતરપિંડી આચરી રૂપીયા ખંખેરી લેતી આંતર રાજ્ય ગેંગનો એલસીબી-૨ એ પર્દાફાશ કર્યો છે. સાયબર ગુનાને અંજામ આપનાર માત્ર ૯ ધોરણ ભણેલા માસ્ટર માઈન્ડને એક મહિનાના ઓપરેશન બાદ ગાઝીયાબાદથી ગાંધીનગર એલસીબી -૨ પોલીસે પકડી પાડ્યો હતો. મુખ્ય સુત્રધારે પણ લોન માટે બેંકમાં એપ્લાય કર્યુ હતું. પરંતુ બેંક દ્વારા લોન મળી ન હતી. ત્યારબાદ અન્ય વ્યકિતઓએ મુખ્ય સુત્રધારને ડુપ્લીકેટ આધાર-પુરાવા રજુ કરી લોન અપાવી હતી. ત્યારપછી મુખ્ય સુત્રધારે સાયબર કાઈમના ગુનામાં પગ પેસારો કર્યો હતો. પોલીસે મુખ્ય સુત્રધાર પાસેથી ૬૪ એટીએમ કાર્ડ, ૮૮ પાનકાર્ડ, ૨૦ પાસબુક, બે સ્વેપ મશીન, ૧૨ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબ્જે લેવાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લામાં સાયબર કાઈમના ગુનામાં ચિંતાજનક રીતે વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા એસપી તરૂણ દુગ્ગલ દ્વારા ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી ગુનેગારોને શોધી કાઢવા માટે સુચના અન્વયે એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવે ચિલોડા પોલીસ મથકમાં નોંધાયેલ ગુનાની તપાસ શરુ કરી હતી. જે સાયબર એકટ ગુનામાં તપાસ શરુ કરી હતી. જેમાં ફરીયાદીને હોસ્પિટલમાં નોકરી અપાવવાના બહાને રૂ.૩૦,૫૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી આચરી હતી. આ સાયબર કાઈમ ગુનાની તપાસ એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવ હાથ ધરી હતી. એલસીબી-૨ ના ટેકનીકલ જાણકાર કોન્સ્ટેબલ જિતેન્દ્રસિંહ પ્રવિણસિંહે ટેકનીકલ રીતે ઈ-મેઈલ, મોબાઈલ નંબરો, તેમજ બેંક ડીટેઈલનું વિશ્લેષણ કરતા આ સમગ્ર રેકેટ ખોટા કોલોની ગાજીયાબાદ થી ઓપરેટ થયુ હોવાનું સામે આવ્યું હતું. જેથી એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ એએસઆઈ જોગીન્દરસિંહ મેહરસિંહ, હેડ કોન્સ્ટેબલ હસમુખભાઈ હેમુભાઈ તેમજ કોન્સ્ટેબલ જિતેન્દ્રસિંહ પ્રવિણસિંહની ટીમ ગાઝીયાબાદ રવાના થઈ હતી. એક માસ ગાઝીયાબાદ ખાતે કેમ્પ રાખી આરોપીઓની માહિતી એકઠી કરવાની કામગીરી માં સતત કાર્યરત રહ્યા હતા. ત્યારબાદ ગાઝીયાબાદના ખોડા કોલોનીના ૧૨ કિલોમીટર વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરી મુખ્ય સુત્રધાર હીરાલાલ તુરંતલાલ દાસ (રહે.આર.સી.૩૬૦ વંદના ઈન્કલેવ ખોડા કોલોની) ને દબોચી લઈ ગાંધીનગર લાવવામાં આવ્યો હતો. પોલીસને તેની પાસેથી ૮૦ આધારકાર્ડ, ૧૩ ચુંટણીકાર્ડ, ૬૧ ચેકબુક, ૪ રબર સ્ટેમ્પ, ૨૭ મોબાઈલ સીમ કાર્ડ, ૧૨ મોબાઈલ ફોન, ૨,સ્પેન મશીન, ૨૦ પાસબુક, ૮૮ પાનકાર્ડ અને ૬૪ એટીએમ કાર્ડ સહિતના દસ્તાવેજ પણ કબ્જે લેવામા આવ્યા હતા. પોલીસે હીરાલાલની પુછતાછ કરતા તે ભાંગી પડ્યો હતો અને આખા નેટવર્કની એમઓ કહી હતી. આ અંગે ડીવાયએસપી એમ.જે.સોલંકીએ જણાવ્યું હતું કે હીરાલાલ તેની આસપાસના વિસ્તારમાં રહેતા ગરીબ વર્ગના નાગરીકોને લોનની લાલચ આપી આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડ, સહિતના પુરાવા એકઠા કરી સીમકાર્ડની ખરીદી કરતો હતો. ત્યારપછી આ જરુરી ડોક્યુમેન્ટના આધારે તે બેંકમાં એકાઉન્ટ ખોલાવી ઘણા જરુરીયાત મંદ નાગરીકોના નામે ભાડાની દુકાન લઈ પ્રાઈવેટ લીમીટેડ કંપની ખોલી જીએસટી નંબર પણ મેળવી લીધા હતા. ત્યારબાદ કંપનીના ખોટા રબર સ્ટેમ્પ બનાવી તેના આધારે બેંકમાં કરન્ટ એકાઉન્ટ ખોલાવી જરુરીયાતમંદ વ્યકિતના ખાતામાં રૂપીયા જમા કરાવી વિવિધ વ્યકિતના નામે લોન મેળવી બેંક સાથે પણ છેતરપિંડી આચરી છે.જયારે તેના ફોટાવાળુ ખોટુ આધારકાર્ડ, પાન કાર્ડ થી બેંકમાં એકાઉન્ટ હોવાની પણ હકીકત સામે આવી હતી. હીરાલાલ પાસેથી મળી આવેલા ૧૨ મોબાઈલ ફોન અને ૨૭ સીમકાર્ડ તેમજ ૯૦ ઈમેલ એડ્રેસનો ઉપયોગ કરતો હતો. જયારે આરોપી હીરાલાલ વિવિધ રાજયોમાં નોકરીની લાલચ આપી ફી પેટે રૂપીયા ભરવાનું કહી ઓનલાઈન વિવિધ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવતો હતો અને તાત્કાલીક રૂપીયા ઉપાડી પણ લેતો હતો.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના ૧૧ સહિત રાજ્યના ૧૯૦ થી વધુ પશુ ચિકિત્સકોની બદલીના હુકમો જારી કરાયા છે.
- ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- દહેગામ ખાતે તાલુકા ક્ષત્રિય-ઠાકોર સમાજનો સમૂહ લગ્નોત્સવ ઉજવાઈ ગયો.
- પોર ખાતે મનપા દ્વારા યોજાયેલ સેવાસેતુમાં ૧૯૨૨ અરજદારોએ લાભ લીધો હતો.
- પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ લેબ ટેકનીશ્યનની પરીક્ષા બાદ પ્રોવિઝનલ મેરીટ લીસ્ટમાં આવેલ ઉમેદવારોના પ્રમાણપત્રની ચકાસણી ૧૭ મે થી ઈન્દિરા ગાંધી તાલિમભવન સે. ૧૭ ખાતે શરૂ થશે.
- ગાંધીનગર જિલ્લામાં પ્રવર્તી રહેલ હિટવેવમાં આજે નગરજનોએ થોડીક રાહત અનુભવી હતી.
- ગાંધીનગર શહેરમાં જાહેર સ્થાનો પર વાહનપાર્કિંગની સમસ્યા ધીરે ધીરે પેચીદી બની રહી છે.
- ભારત માલા પ્રોજેક્ટને લઈ ગાંધીનગર તાલુકાના કેટલાક ખેડૂત આગેવાનો ધારાસભ્ય શંભુજી ઠાકોરના નેતૃત્વમાં મુખ્યમંત્રીને મળ્યા હતા અને આ અંગે ઉગ્ર રજુઆતો કરી હતી.
- સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં ભાગ લેવા જિલ્લાના ૧૨૪ ખેલાડીઓ આજે રવાના થયા છે.
- કલોલમાં ભર ઉનાળે વૉટર એટીએમ બંધ હાલતમાં હોવાથી વેપારીઓમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે.

યુનિવર્સિટીના અધ્યાપકો ભાજપમાં જોડાયા

ગાંધીનગર, તા. ૧૩

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે આશરે ૮ જેટલી વિવિધ યુનિવર્સિટીના લગભગ ૨૫૦ જેટલા અધ્યાપકોએ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ તેમજ પ્રદેશના મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલાજીના વરદહસ્તે કેસરિયો ખેસ અને ટોપી પહેરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. જેમાં પ્રો. ડૉ. જયવંતસિંહ સરવૈયા, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના અધ્યાપક ડૉ. કમલેશભાઈ પટેલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડૉ. ક્રિપાલસિંહ પરમાર, ડૉ. નારણસિંહ ડોડીયા, ગુજરાત યુનિવર્સિટીના ડૉ. આર.એસ. પટેલ સહિતના અધ્યાપકો જોડાયા હતા. આ કાર્યક્રમમાં શિક્ષણ સેલના સંયોજકો પ્રો. મહેન્દ્રભાઈ પાડલીયા અને મનુભાઈ પાવરાએ પ્રદેશના અધ્યક્ષ સી.આર. પાટીલ અને પ્રદેશના મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલાજીનું સ્વાગત કર્યું.

આ કાર્યક્રમમાં પ્રદેશના મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલા, શિક્ષણસેલના સંયોજકો મહેન્દ્રભાઈ પાડલીયા, મનુભાઈ પાવરા, ભાજપાના આગેવાન જયરાજસિંહ પરમાર તેમજ જુદી જુદી યુનિવર્સિટીના અધ્યાપકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શ્યામ હાઈટ પર કામ કરતા યુવકને સરગાસણના ત્રણ શખ્સે માર માર્યો

ગાંધીનગર, તા.૧૩

સરગાસણ ઠાકર ફાર્મ રોડ પર આવેલ શ્યામ હાઈટ પર કામ કરતા યુવકને સામાન્ય બાબતે ગામના ત્રણ શખ્સોએ માથાના ભાગે ડંડો મારી ઈજા પહોંચાડી હતી. તો બીજીતરફ યુવકના જમણા પગના ભાગે પાવડાનો હાથો અને ગાલ પર લાફો મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા યુવકે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નવા નરોડા મુરલીધર સોસાયટી મ.નં.ડી.-૬૨ ખાતે રહેતા મીત કમેલશભાઈ વ્યાસ પરિવાર સાથે રહે છે અને છેલ્લા એક માસથી શ્યામ હાઈટ ખાતે નોકરી કરે છે. ત્યારે ગત તા.૧૨ ના રોજ સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામાં મીત બાઈક લઈને સાઈટ પરથી ચાની કીટલી પર મસાલો લેવા ગયો હતો.

પરંતુ તે સોપારી ન હોવાથી તે સાઈટ પરત આવી રહ્યો હતો. તે સમયે ગાડી સામેથી આવી રહી હતી. તે સમયે યુ ટર્ન મારી બાઈક લઈ સાઈટ પર જતો હતો. તે સમયે ગાડીવાળાએ ગાડી ઉભી રાખી તેમાંથી ડંડો લઈ બહાર આવી યુવકને મારવાની કોશીશ કરતા યુવકે ડંડો પકડી પાડ્યો હતો અને ડંડો લઈ દુર જતા શખ્સે પાસે આવી યુવકને લાફો માર્યો હતો.

જેથી યુવકે તેના હાથમાં રહેલા ડંડો પેલા શખ્સને પગમાં મારી સાઈટ પર ગયો હતો. ત્યારબાદ થોડીવારમાં તે શખ્સ તેમજ તેના મિત્ર સાઈટ પર ડંડા લઈ યુવકને મારવા આવ્યા હતા. જેમાં યુવકને એક શખ્સે માથાના ભાગે ડંડો માર્યો હતો. જયારે ત્રીજા શખ્સે પાવડાનો હાથો જમણા પગે માર્યો હતો.તે સમયે હોહા થતા સાઈટ પર કામ કરતા વ્યકિતઓ દોડી આવતા તે શખ્સો જતા જતા ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહ્યા હતા. જયારે યુવકને ઈજા પહોચી હોવાથી ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. જયારે યુવકને માથાના ભાગે ડંડો વાગતા ત્રણ ટાંકા આવ્યા હતા. જેથી યુવકે સરગાસણ ગામના ત્રણ શખ્સો સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સેકટર-૬ના પેટ્રોલ પંપ પર જવાના માર્ગે પાઈપલાઈન નાંખવાનું કામકાજ ચાલી રહ્યું છે. જેના કારણે અહીં રસ્તો બ્લોક કરી દેવાયો છે. છતાં કેટલાંક વાહનચાલકો અહીંથી જોખમી રીતે એકટીવા અને બાઈક લઈને જતાં નજરે ચઢી રહ્યા છે. આ પ્રવૃત્તિ અટકાવવી જરૂરી છે.

ડેન્ટલ ઉદ્યોગ સાહસિકનો એવોર્ડ મેળવતા ડૉ. બિંદી પંડયા

ગાંધીનગર, તા.૧૩

મેડીકલ અને આરોગ્ય ક્ષેત્રમાં ડેન્ટલના કામને વિકસાવવા માટે ડૉ. બિન્દી મિહિર પંડયાને ઉભરતા ડેન્ટલ ઉદ્યોગ સાહસિક **(Emerging Dental Entrepreneur)** તરીકેની પ્રસિધ્ધિ બદલ મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીના હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી મુસાફર બિયરના ૯૬ ટીન સાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૧૩

ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર ચિલોડા પોલીસ વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા.તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી લકઝરી બસ નં. આર. જે. ૨૭. પી. એ. ૪૧૩૦ ને સાઈડમાં રોકાવી હતી.ત્યારબાદ પોલીસે ડ્રાઈવર કંડકટરને સાથે રાખી મુસાફરોના સામાનની ચકાસણી હાથ ધરી હતી. તે સમયે એક મુસાફર સીટ પાસે પાર્સલ લઈને બેઠો હતો. તે પાર્સલ ખોલીને ચેક કરતા તેમાંથી બિયરના ૯૬ ટીન મળી આવ્યા હતા. પોલીસે યુવકનું નામ પુછતા તેણે રવિ સાહેબસિંહ પાલ (ઉં.૨૫ રહે મ.નં.૫૦૨, વિકાસકુંજ, પંચરત્ન હોમ્સ હાથીજણ થી નારોલ જતા માર્ગ પર) હોવાનું જણાવ્યું હતું.જયારે પોલીસે રૂ.૯૮૪૦ ની કિંમતના બિયરના ટીન અને મોબાઈલ કિં.૫ હજાર ગણી ૧૪,૪૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સીએનજીઆઈ ખાતે આંતરરાષ્ટ્રીય નર્સીસ ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૩

આંતરરાષ્ટ્રીય નર્સીસ ડેની કેથલીક નર્સીસ ગ્રીડ ઓફ ઈન્ડિયા (સીએનજીઆઈ) ગાંધીનગર શાખા દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સી. વમલા, સી. નયના તથા સી. ફલકેરીયા દ્વારા ફોરેન્સ નાઈટીંગલના જીવંત ચરિત્રનું વાંચન કરવામાં આવ્યું હતું. જેમાં કેથલીક નર્સીસોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આદરજ મોટી ગામેથી ૧૪ બોટલ દારુ મળી આવી

ગાંધીનગર, તા.૧૩

પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે મોટી આદરજ ગામ આવતા પોલીસને બાતમી મળી હતી કે ગોરધનજી વાસ ખાતે રહેતા જશાજી ઉર્ફે એક્કોલ બકોરજી ઠાકોર તેમજ મંગાજી બકોરજી ઠાકોર ઘરની પાસે પડી રહેલી મારુતિ ૮૦૦ ગાડીમાં વિદેશી દારુ રાખી વેચાણ કરે છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ રેઈડ કરતા બંન્ને બુટલેગર ઘરે મળી આવ્યા ન હતા. તેમના ઘરની અંદર અને આસપાસ તપાસ કરતા દારુ મળી આવ્યો ન હતો. ત્યારબાદ ઘરની આગળ સફેદ કલરની ગાડીમાં દરવાજા ખોલીને જોતા ગાડીમાંથી વિદેશી દારુની ૧૪ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે ગાડી નં.જી. જે.૧૮. એ.એ.૩૧૮૧ કિં.રૂ. ૫૦ હજાર અને રૂ.૪૯૦૦ ની નંગ-૧૪ બોટલ કબ્જે કરી બે શખ્સ સામે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં યોજાયેલ કલેક્ટરર્સ અને ડી.ડી.ઓ.ની મહત્વની બેઠક યોજાઈ

મુખ્ય સચિવ પંકજ કુમારે સરકારની યોજનાઓ અને મહત્વના રાષ્ટ્રીય પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે સક્રિય ભૂમિકા ભજવવા આહવાન કર્યું

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યના જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની સમીક્ષા બેઠક રાજ્ય સરકાર દ્વારા ગુરૂવારે ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. વિવિધ જિલ્લાઓમાં મહેસુલ વિભાગ અને પંચાયત વિભાગ હસ્તકની કામગીરીની સમીક્ષા આ બેઠકમાં કરવામાં આવી હતી. રાજ્યના પ્રશાસકીય માળખાને નવી ઉર્જા-નવા સંકલ્પો પ્રદાન કરવાના આશયથી આ સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથને આ બેઠકમાં ઉપસ્થિત રહી કલેક્ટરો તથા જિલ્લા વિકાસ અધિકારીઓને રાજ્યના વિકાસ માટે તથા પ્રજાકીય કામગીરીમાં સુચારૂ અભિગમ અપનાવી કાર્યરત રહેવા માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યના મુખ્ય સચિવ પંકજ કુમારે સરકારની વિવિધ પ્રજાહિતલક્ષી યોજનાઓ, સહાય યોજનાઓ, વિકાસ યોજના, રાષ્ટ્રીય મહત્વના પ્રોજેક્ટ્સ વગેરે સંબંધે કલેક્ટરો તથા જિલ્લા વિકાસ અધિકારીઓની સક્રિય ભૂમિકા માટે આહવાન કર્યું હતું. રાજ્યના વિકાસ માટે જિલ્લા વહીવટીતંત્ર ચાવીરૂપ ભૂમિકા ધરાવે છે તેવો મત વ્યક્ત કરી મુખ્ય સચિવે જનતાના કામો સકારાત્મક દૃષ્ટિકોણથી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા અધિકારીઓને અનુરોધ કર્યો હતો. જનતાની અરજીઓના નિકાલ માટે ઉપયોગી એવી આઈ. આર. સી. એમ.એસ. એપ્લીકેશન, રેવન્યુ ફાઈલ મોનીટરીંગ સિસ્ટમ, આઈઓશ સોફ્ટવેર એપ્લીકેશ નથી થતી કામગીરીની વિસ્તૃત ચર્ચા આ સમીક્ષા બેઠકમાં કરવામાં આવી હતી. આ અંગે વિસ્તૃત માર્ગદર્શન મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાણીએ આપ્યું હતું. વહીવટી હુકમ-૩, જમીન સંપાદન, સર્વે સેટલમેન્ટ તથા માપણી સ્ટેમ્પ ડ્યુટી તથા નોંધણી વિષયક બાબતો સહિત મહેસુલી કાર્યક્ષેત્રને સ્પર્શતા તમામ મુદ્દાઓની સમીક્ષા પણ આ બેઠકમાં કરવામાં આવી હતી. સરકારના વહીવટ વિભાગના આયોજન પ્રભાગ દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. બેઠક દરમ્યાન આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવે કોવિડ-૧૯ મહામારીની વર્તમાન સ્થિતિ, રસીકરણ સહિતની આરોગ્ય વિષયક બાબતોની તથા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બોર્ડના સી. ઈ. ઓ. એ. જી. આઈ.ડી.બી. અંતર્ગત રાજ્યના અગત્યના પ્રોજેક્ટ્સ અને પી.એમ. ગતિશક્તિ પ્રોજેક્ટ અન્વયેની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી. પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવે પણ અધિકારીગણને વિવિધ મુદ્દાઓ સંબંધિત ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

સાદરા સંકુલના મધ્યસ્થ ગ્રંથાલયની મુલાકાત નિવૃત્ત વન અધિકારીએ લીધી



ગાંધીનગર, તા. ૧૩

ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયની મુલાકાત નિવૃત્ત વન અધિકારી જયંતીભાઈ એસ. પટેલે લીધી હતી. કૃષિ, પશુપાલન અને પર્યાવરણને લગતાં માસિકોની ગોઠવણી જોઈ પ્રભાવિત થયા. મધ્યસ્થ ગ્રંથાલયમાં ૪૦,૦૦૦ પુસ્તકોનો વાચકોને લાભ મળે છે અને રાત્રિ દરમ્યાન વાચકો માટે વાંચનખંડની સગવડતાને બિરદાવી હતી. સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ અને દિશાબેન દવેએ મુલાકાતીને માર્ગદર્શન આપી ગ્રંથાલયનું ભ્રમણ કરાવ્યું હતું.

સિવિલ હોસ્પિટલમાં ઝાડા-ઉલ્ટીના કેસમાં વધારો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઓપીડી દર્દીઓથી ઉભરાય છે. વિવિધ વિભાગની ઓપીડીના થઈ રોજના હજજારો દર્દીઓ સારવાર માટે આવે છે. જેમાં હાલના સમયે સિવિલ હોસ્પિટલમાં ઝાડા-ઉલ્ટીના દર્દીઓમાં વધારો જોવા મળ્યો છે. ગરમીને પગલે અખાદ્ય ચીજવસ્તુઓ આરોગવાથી ઝાડા-ઉલ્ટીના કેસ વધી રહ્યા છે. ત્યારે આગ ઓકતી ગરમીમાં કામ સિવાય બહાર ન નીકળવા માટે તંત્ર પણ નગરજનોને અપીલ કરે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ધમધમતી રહે છે. હાલના સમયે દર્દીઓની સંખ્યા વધતા ૬૦૦ બેડની ઈમારતમાં તમામ વોર્ડ ખોલી દેવાયા છે. ઓપીડીમાં પણ દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. વિવિધ ઓપીડીમાં રોજના ૧ એક હજારથી વધુ દર્દીઓ સારવાર માટે આવે છે. જયારે ૩૦૦ થી વધુ દર્દીઓ એડમીટ થઈ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી અંગ દઝાડતી ગરમી પડી રહી છે. શહેરના માર્ગો બપોર થતા જ સુમસામ થઈ જાય છે.ત્યારે અગનભઠ્ઠીમાં શેકાઈ રહેલા પાટનગરમાં ફરતા નાગરીકોને ગરમીની અસર થતા ઝાડા ઉલ્ટીના કેસમાં વધુ જોવા મળી રહ્યા છે. જયારે બીજીતરફ ગરમીમાં ઠેર ઠેર ઉભી રહેતી ખાણીપીણીની લારીઓ પણ વેચાતા બિન આરોગ્યપ્રદ ખોરાક પણ નાગરીકો આરોગતા ઝાડા-ઉલ્ટી થાય છે. ત્યારે સિવિલના હાલના સમયે લુ લાગવાથી તાવ તેમજ ઝાડા-ઉલ્ટીના કેસ વધતા જોવા મળે છે.

નામ બદલેલ છે

મારું જૂનું નામ પટેલ સરોજબેન સોમાભાઈ હતું જે બદલીને પટેલ સરોજબેન યોગેશભાઈ રાખેલ છે.

: સરનામું :
એ/૪૦૬, વિનાયક રેસીડેન્સી, આનંદ પાર્ટી પ્લોટની પાછળ, ક્રિષ્ના બંગ્લોઝની બાજુમાં, ન્યુરાણીપ, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૮૦

ટૂંકી જાહેરખબર

રાજ્ય ચૂંટણી આયોગના વાહન ટોયોટા કોરોલા અલ્ટીસ નં. જીજે-૦૧-જી-૫૧૨૧ સચિવાલય, બ્લોક નં.૧૪ના પાર્કીંગ શેડ ખાતે રાખવામાં આવેલ છે. તેને જે-તે હાલતમાં જ હરાજીથી વેચવાની હોવાથી રસ ધરાવતી વ્યક્તિ / સંસ્થાઓ જે ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ એક્ટ અંતર્ગત નોંધાયેલ હોય તેઓએ હરાજીની તારીખે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

ઉપર દર્શાવેલ સ્થળે સરકારી કામકાજના દિવસો દરમિયાન આ વાહન જોઈ શકાશે. હરાજીની પ્રક્રિયા તા. ૩૧/૫/૨૦૨૨ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે હાથ ધરવામાં આવશે. અરજીનો નમૂનો તથા શરતો અંગેની વિગતો નાયબ સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯, ૬ઠ્ઠો માળ, ગાંધીનગર ખાતેથી કચેરી સમય (રજાના દિવસ સિવાય) તથા વેબસાઈટ http://sec.gujarat.gov.in પરથી મળી શકશે તથા તા. ૨૭/૫/૨૦૨૨ સુધીમાં મળેલ અરજીઓ હરાજીની કાર્યવાહી માટે ધ્યાને લેવામાં આવશે.

હરાજીનું સ્થળ : સભાખંડ, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર

તા. ૧૨/૫/૨૦૨૨ — સહી/-
સ્થળ : ગાંધીનગર — (મેઘના પરીખ)
નાયબ સચિવ,
માહિતી/૩૩૪/૨૨-૨૩ — રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર